PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૧૩૬૪-૫ તારીખ: ૨૯-૦૩-૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી જયદિપભાઈ વી. વૈસ્નાણી
પ્લોટ નં. ૦૬, અંકિત ઇન્ડસ્ટ્રીયલ એરિયા, રોલેક્ષ પાસે, બજરંગ ઇન્ડ. ગોંડલ રોડ ,
મું. પો. : કોઠારિયા, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૨
મોબાઈલ : ૮૦૦૦૦૩૦૨૦૬

વિષય : લોડ વધારમાં ફિકસ ચાર્જ જમા આપવા અંગે.

સંદર્ભે: આપશ્રીની રજુઆત તા. ૦૧-૦૩-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૯/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૯/ક્વા-૪/૨૨-૨૩/ ૧૩૬૪-૫ તા. ૨૧-૦૩-૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૯/ક્વા-૪/૨૨-૨૩, તા.૦૩-૦૩-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : શ્રી જયદિપભાઈ વી. વૈશ્નાણી, ગામ: કોઠારીયા |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી વૈશ્નાણી યોગેશભાઈ લખમણભાઈ હાજર રહેલ છે. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ |
| રજૂઆત કરનાર | : શ્રી પી.પી.ભારદ્વાજ, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., પેટાવિભાગીય કચેરી, મવડી રોડ રાજકોટ |

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન. જી. કારિયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : તા.૧૩.૦૩.૨૦૨૩ (સોમવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩.૦૩.૨૦૨૩ (સોમવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી જયદિપભાઈ વી. વૈશ્નાણી દ્વારા તેઓના ગ્રાહક નં ૩૪૫૧૩/૧૭૦૩૪/૪ માં તા.૦૫.૧૨.૨૦૨૨ થી વીજભારવધારા અન્વયે ૧૦૦ કીવોનો ટેસ્ટ રીપોર્ટ રસીદ નં. UF ૨૪૧૩૫૯ થી ભરેલ, જે અન્વયે પેટાવિભાગીય કચેરી દ્વારા મીટર અને સર્વિસ તા.૩૧.૧૨.૨૦૨૨ થી બદલી આપેલ છે, અને તે મુજબ વીજભારનો વપરાશ તા.૦૧.૦૧.૨૦૨૩ થી ચાલુ કરેલ છે. તેમ છતાં અરજદારના વીજબીલમાં ડીસેમ્બર–૨૦૨૨ ના સમગ્ર મહિનાનો ફિકસચાર્જ વસુલેલ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

:: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારશ્રીની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે વાવડી અર્બન સબડીવીઝન ના ગ્રાહકશ્રી વૈશ્નાણી જયદીપભાઈ વસંતભાઈ ગ્રાહકનંબર-૩૪૫૧૩/૧૭૦૩૪/૪ થી ૧૪ કીવોના ઔદ્યોગિક

વીજજોડાણમાં લોડવધારા સાથે નામ બદલી કરવા માટે એસ આર નં ૧૫૩૩૨૪૫૨ થી અરજી કરેલ હતી.

૩.૧ સદર વીજજોડાણમાં વિભાગીય કચેરી તરફથી મંજુરી મળતા તા.૧૭.૧૦.૨૦૨૨ ના રોજ ગ્રાહક દ્વારા ૧૪ કીવો થી ૧૦૦ કિવોનું નામ તબદીલ અને લોડ વધારા સાથેનું કવોટેશન તા.૦૧.૧૧.૨૦૨૨ ના રોજ ભરપાઈ કરેલ છે જેનું એગ્રીમેન્ટ તા.૦૪.૧૧.૨૦૨૨ ના રોજ થયેલ છે.

૩.૨ સદર વિજજોડાણ મેળવવા માટે ગ્રાહક દ્વારા તા.૦૫.૧૨.૨૦૨૨ ના રોજ ૧૦૦ કિવો મુજબ પાવર લેવા માટે તૈયાર છે તે બાબતનો ટેસ્ટરીપોર્ટ પણ રસીદ નં UF ૨૪૧૩૫૯ થી રજુ કરેલ છે.

3.3 કંપનીના નિયમ અનુસાર ટેસ્ટરીપોર્ટની તારીખથી લોડવધારો કે ઘટાડો માન્ય ગણવામાં આવે છે અને તે તારીખથી તેને લાગતો ફિક્સચાર્જ લેવા પાત્ર છે જેથી સદર કેસમાં તા.૦૫.૧૨.૨૦૨૨ માં ટેસ્ટરીપોર્ટ આપેલ હોવાથી માહે ડીસેમ્બેર-૨૨ થી ફિક્સચાર્જ ૧૦૦ કિવોનો વસુલ કરેલ છે, જે અંગે ગ્રાહકશ્રીની રજૂઆત અન્વયે વાવડી સબડીવીઝન દ્વારા પત્ર નંબર-૧૬૦૯ તા.૧૪.૦૨.૨૦૨૩ થી પ્રત્યુતર પણ પાઠવેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ વાવડી અર્બન સબડીવીઝનના ગ્રાહકશ્રી વૈશ્નાણી જયદીપભાઈ વસંતભાઈ ગ્રાહકનંબર-૩૪૫૧૩/૧૭૦૩૪/૪ થી ૧૪ કીવોના ઔદ્યોગિક વીજજોડાણમાં લોડવધારા સાથે નામબદલી કરવા માટે એસ આર નં ૧૫૩૩૨૪૫૨ થી અરજી કરેલ હતી.

૪.૨ સદર વીજજોડાણમાં વિભાગીય કચેરી તરફથી મંજુરી મળતા તા.૧૭.૧૦.૨૦૨૨ ના રોજ ગ્રાહક દ્વારા ૧૪ કીવો થી ૧૦૦ કિવોનું નામ તબદીલ અને લોડ વધારા સાથેનું કવોટેશન નં ૧૪૬૭૩ તા.૧૭.૧૦.૨૦૨૨ થી અરજદારને અપાયેલ હતું જે તા.૧૪.૧૧.૨૦૨૨ સુધીમાં અરજદારે ભરપાઈ કરવાનું હતું. સદર ભાવપત્રક અરજદાર દ્વારા તા.૦૧.૧૧.૨૦૨૨ થી ભરપાઈ કરાયેલ હતું, જેનું એગ્રીમેન્ટ તા.૦૪.૧૧.૨૦૨૨ ના રોજ થયેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.3 સદર વિજજોડાણ માટે ગ્રાહક દ્વારા તા.૦૫.૧૨.૨૦૨૨ થી ૧૦૦ કિવો મુજબ પાવર લેવા માટે તૈયાર છે તે બાબતનો ટેસ્ટરીપોર્ટ રજુ કરેલ છે.

૪.૪ અરજદારના વીજજોડાણમાં વીજભાર વધારો અન્વયે તા.30.૧૨.૨૦૨૨ થી નીચે મુજબ તેઓના જોડાણનું મીટર બદલવામાં આવેલ છે.

| Particulars | Old Meter Dt.30.12.2022 | New Meter Dt.30.12.2022 | As per Performa 15-RCC A- 131994 around 18 Mtr. Service is used for Load Extension. |
|---|---|---|---|
| Make | HPL | AVON | |
| Meter No | PT 287957 | PG 201845 | |
| Capacity | 10/60 | 200/5 | |
| C. Reading | 17476 | 11 | |

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબ સ્પષ્ટ થાય છે કે અરજદાર દ્વારા વીજભાર વધારા અંગે ટેસ્ટરીપોર્ટ તા.૦૫.૧૨.૨૦૨૨ થી અપાયેલ છે, અને તે અન્વયે જરૂરી કાર્યવાહી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.30.૧૨.૨૦૨૨ થી કરેલ છે, વધુમાં માહે નવેમ્બર-૨૦૨૨ નું વીજબીલ તા.૧૫.૧૧.૨૦૨૨ ના રોજ (૧૭૪૧૦-૧૭૦૮૬=૩૨૪) ૩૨૪ યુનીટનું અપાયેલ છે. જ્યારે માહે ડિસેમ્બર-૨૦૨૨ નું વીજબીલ તા.૧૪.૧૨.૨૦૨૨ ના રોજ (૧૭૪૪૭ – ૧૭૪૧૦) = ૩૭ યુનીટનું બીલ અપાયેલ છે. વધુમાં અરજદારનું જુનું મીટર સીરીયલ નં – PT 287957 ના એમ.આર.આઈ. અહેવાલમાં બિલીંગ હિસ્ટ્રીમાં નોંધાયેલ મહતમ ડિમાન્ડ નીચે મુજબ છે.

| Parameter Name | Dec-22 | Nov-22 | Oct-22 |
|---|---|---|---|
| Billing Reset Date | 01-01-2023, 0:00 | 01-12-2022, 0:00 | 01-11-2022, 0:00 |
| Maximum Demand - kW | 1.48 kW | 10.20 kW | 11.34 kW |
| MD kW - Date & Time | 27-12-2022, 17:00 | 05-11-2022, 17:00 | 09-10-2022, 19:30 |

૪.૬ અરજદારના સદર જોડાણમાં સામેવાળા દ્વારા માહે ડિસેમ્બર-૨૦૨૨ નું વીજબીલ તા.૧૪-૧૨-૨૦૨૨ ના રોજ અપાયેલ છે, જેમાં ફિક્સચાર્જની રકમ ૧૦૦ કીવો મુજબ અપાયેલ છે, પરંતુ અરજદારશ્રીના સદર જોડાણમાં વીજભાર વધારાની અરજી અન્વયે સામેવાળા દ્વારા ૧૦૦ કીવો વીજભાર મુજબ ૧૫૦ એમ.એમ. કેબલ અને ૨૦૦/૫ એમ્પીયરનું મીટર તા.૩૦.૧૨.૨૦૨૨ થી બદલાવેલ છે. આમ અરજદારશ્રીના સદર વીજજોડાણ ગ્રાહક નં ૩૪૫૧૩/૧૭૦૩૪/૪ માં પીજીવીસીએલ દ્વારા વીજભાર વધારાની કાર્યવાહી (૧૪ કીવો માંથી ૧૦૦ કીવો) તા.૩૦.૧૨.૨૦૨૨ થી પૂર્ણ કરેલ છે.

૪.૭ સદર કેસમાં ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ અને ૪.૬ મુજબની વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદાર દ્વારા તેઓના વીજજોડાણમાં માહે ડિસેમ્બર-૨૦૨૨ દરમ્યાન મહતમ વીજભાર ૧.૪૮ કીવો જ નોંધાયેલ છે, તેમજ પીજીવીસીએલ દ્વારા વીજભાર વધારાની કાર્યવાહી (૧૪ કીવો માંથી ૧૦૦ કીવો) તા.૩૦.૧૨.૨૦૨૨ થી પૂર્ણ કરેલ હોવાથી પીજીવીસીએલ દ્વારા અરજદારના વીજબીલ માહે ડિસેમ્બર-૨૦૨૨ બિલીંગ તા.૧૪.૧૨.૨૦૨૨ માં ૧૦૦ કીવો મુજબ ફિક્સ ચાર્જ વસુલેલ છે, જે ન્યાયિક બાબત ન હોય, જે ચાર્જ રદ કરીને જે તે સમયના કરારિત વીજભાર ૧૪ કીવો મુજબ ફિક્સચાર્જની આકારણી કરીને માહે ડિસેમ્બર-૨૦૨૨ નું રીવાઈઝ બીલ અરજદારને દિવસ-૧૦ માં અત્રેના ફોરમની જાણકારી હેઠળ આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| Joshi Nitin... | | |
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩", ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫"